# પરિવારનો માળો સલામત અને હુંફાળો

'પરિવારનો માળો સલામત અને હુંફાળો' આ શીર્ષકથી નૂતન પ્રયોગ શરુ કરવામાં આવ્યો છે. રોજનું એક પેઇઝ તૈયાર કરવામાં આવે છે. જેમાં વાર્તા, બાળવાર્તા, કવિતા, સવાંદ, યોગ, વગેરે વિભાગ છે. જેને જે વિભાગ વાંચવો હોય તે વિભાગ પર ક્લિક કરવાથી એ વિભાગ ખુલી જાય છે.

## ઘરે પણ આપણે બાળકને ઘણી બધી પ્રવુત્તિઓ કરાવી શકીએ છીએ..

- બાળકને દરરોજ એક સારી વાત કહેવી. મહાભારત કે રામાયણમાંથી નાના પ્રસંગોરૂપે સળંગ વાર્તા કહી શકાય.




- બાળકો દરરોજ કશુંક બનાવે તે માટે મદદ કરવી. દા.ત. માટીનાં રમકડાં, ચિત્રો, લાકડાની સળીઓ વડે વિવિધ આકારો બનાવવા, રંગોળી બનાવવી. બાળકોએ બનાવેલા નમૂના સાચવી શકાય તો સારું. દરેક નમૂનાના ફોટા પાડવા અને અન્ય સગાસંબંધીઓને મોકલવા.
- આપણા સગાસંબંધીઓ સાથે બાળકોને ફોન પર વાત કરાવવી. શક્ય હોય તો વિડીયો કોલ કરવા.
- ભાગ્યે જ એકબીજાને મળતા દૂરના સગાસંબંધીઓ સાથે ફોન પર વિડીયોકોલથી બાળકોને વાત કરાવવી.
- શબ્દ અંતાક્ષરી રમવી. ઘરનાં બધાં સભ્યો આવી રમત રમી શકે. શબ્દ અંતાક્ષરી લેખિત રૂપે પણ રમી શકાય.

- બાળકોની આ ઉંમર એવી છે કે જેમાં એમણે નિયમિત શારીરિક હલનચલન કરવું પડે. સામાન્ય સંજોગોમાં બાળકો શાળામાં જાય, મેદાનમાં કે મહોલ્લામાં રમતો રમે એટલે વિશેષ કસરતની જરૂર ન પડે. પરંતુ અત્યારે બધાએ ઘરમાં જ રહેવાનું હોવાથી, દરરોજ બાળકો હળવી કસરત કરે, યોગાસન કરે તે જરૂરી છે. કસરતમાં બાળકો સાથે વડીલો પણ જોડાય તો સારું.
- બાળકો પાસેથી શાળામાં ગવાતી વિવિધ પ્રાર્થનાઓ, ગીત, ભજન વગેરે સાંભળવાં.
- રસોઈના કામમાં બાળકોને સામેલ કરવાં. બાળકોને શાક સમારતાં શીખવવું.
- બની શકે તો આ સમય દરમિયાન અમુક વાનગીઓ (કેટલાંક શાક, રોટલી, ભાત, ખીચડી, દાળ, કઢી વગેરે) બનાવતાં બાળકોને શીખવવું.
- કપડાં ધોવામાં બાળકોની મદદ લેવી. કપડાં સૂકવવામાં, સૂકાયેલાં કપડાં લેવામાં બાળકોને સામેલ કરવાં. બાળકોને કપડાં વાળતાં ગડી કરતાં શીખવવું.
- બટન ટાંકતાં શીખવવું. ફાટેલું કપડું સાંધતાં શીખવવું.
- બાળકો પોતાની ગમતી સીરીયલ વિશે ઘરનાં મોટાં લોકો સાથે વાતો કરે તેમ કરવું. બાળકની વાત રસપૂર્વક સાંભળવી.
- પુસ્તકને કવર ચઢાવતાં શીખવવું.
- બાળકોને રમુજી ટૂચકા કહેવા અને એમની પાસેથી બીજા ટૂચકા સાંભળવા.
- ઘરમાં જુના ફોટા આલ્બમ હોય તે બાળકોને બતાવવા. ફોટામાંથી બાળકોને અપરિચિત કે અલ્પપરિચિત સંબંધીઓ અને મિત્રોની ઓળખાણ કરાવવી. એમના વિશેની વાતો કરવી વગેરે પ્રવૃતિ કરી શકાય.

# SHIKSHAN SAGAR

## ( શિક્ષણ સાગર )

## એપ્લીકેશન ની વિશેષતા

શિક્ષણ સાગર
shikshansagar.com
The King of Education

આ એપ્લીકેશન મુખ્ય ત્રણ વિભાગમાં વહેચવામાં આવી છે .

૧. ટીચર ૨. વિદ્યાર્થી
૩. ટીચર હેલ્પ ડેસ્ક

ટીચર – ઓનલાઈન હાજરી , MDM હાજરી , SAS ગુજરાત , ગુણોત્સવ પોર્ટલ , જ્ઞાનકુંજ પ્રોજેક્ટ , GSHALA લોગીન , આધાર ડાયઝ એન્ટ્રી , શિષ્યવૃત્તિ ઓનલાઈન હાજરી , ખેલ મહાકુંભ એન્ટ્રી , ઈન્સ્પાયર એવોર્ડ એન્ટ્રી , CPF ચેક કરો , ઓનલાઈન PLI – LIC ભરો .

અમારા શિક્ષણ સાગર વોટ્સઅપ ગ્રુપમાં જોઈન થાઓ.

શિક્ષણ સાગર
JOIN GROUP

શિક્ષણ સાગર
shikshansagar.com
The King of Education



વિદ્યાર્થી – પાઠ્યપુસ્તક , પાઠ આયોજન , શિક્ષક આવૃત્તિ , સ્વ અધ્યયનપોથી , ઓનલાઈન MCQ , યુનિટ ટેસ્ટ , એકમનું સ્વાધ્યાય , MP3 કાવ્ય , અધ્યયન નિષ્પતી , અધ્યયન નિષ્પતી આધારિત પ્રશ્નો , સંદર્ભ સાહિત્ય અને આ બધું પાઠ વાઈઝ

ટીચર હેલ્પ ડેસ્ક – શિક્ષક ઉપયોગી મટેરિયલ્સ , તમારું બનાવેલું મટેરિયલ્સ અમને આપો , તમારે જે મટેરિયલ્સ જોઈએ તે અમને કહો , મૂંઝવણ અને માર્ગદર્શન .

અમારા શિક્ષણ સાગર એપ્લીકેશન પ્લે–સ્ટોર માંથી ડાઉનલોડ કરો.

JOIN
શિક્ષણ સાગર
APPLICATION